સાલ : ૨૨ / સિલસિલાવાર નંબર : ૧૮૧ / શુમારો : ૧
بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ
ફુલ પાના - ૧૬
مشكوة الهادي
MISHKAAT UL HAADI
નાશિર : મરકઝે તરબીયતે મુમેનીન, અલ-વિઝારતુલ અલવીયાહ, વડોદરા.
મોહર્રમુલ હરામ - સફરૂલ મુઝફ્ફર ૧૪૪૬ / જૂલાઇ-ઓગસ્ટ ૨૦૨૪

## મૌ.ઈમામૈન હુસ્નૈન (અ.સ.)

હમારા પહેલા અને બીજા ઈમામ મૌ.હસન અલ-મુજતબા અને મૌ.હુસૈન સૈયેદુશ્શોહદા (અ.સ.) ની ફઝીલતોની ઝિક્ર વાસ્તે કિતાબોમાં બયાન આવેલું છે કે, મૌલાના અલીયુલ મુરતઝા (અ.સ.) ફરમાવે છે કે, જે વક્ત મારા હસન પૈદા થયા તો માઁ ફાતેમા (અ.સ.) એ એનું નામ હરબ રાખું. તે પછી મોહંમદુલ મુસ્તફા (સ.અ.વ.વ.) તશરીફ લાવા અને કહ્યું, અય ફાતેમા ! મને મારા દીકરાને દેખાડો, તમેં એનું શું નામ રાખું છે ? મૌ.અલી ફરમાવે છે કે, હમેં કહ્યું કે, સાહેબ ! હરબ રાખેલું છે. નબી સાહેબે ફરમાવું કે, ના ! બલકે એ મારા દીકરાનું નામ હસન છે. **તમેં એને " હસન " નામથી બોલાવજો.**

મૌ.અલી મઝીદમાં ફરમાવે છે કે, હવે, જે વક્ત મારા હુસૈન પૈદા થયા તો તે વક્ત પણ માઁ ફાતેમાએ એનું નામ હરબ રાખું હતું. તે પછી નબી સાહેબ તશરીફ લાવા અને કહ્યું, અય ફાતેમા ! મને મારા દીકરાને દેખાડો, તમેં એનું નામ શું રાખેલું છે ? મૌ.અલી ફરમાવે છે કે, હમેં બેવેએ કહ્યું કે, અય બાવાજી સાહેબ ! હરબ રાખેલું છે. નબી સાહેબે ફરમાવું કે, ના. બલકે એ મારા પ્યાસા દીકરાનું નામ હુસૈન છે. **તમેં એને " હુસૈન " નામથી બોલાવજો.**

**ફેયૂઝાતે બુકા અને સાલે નૌ ની આમદ – હિ.૧૪૪૬**

**કારેઇન મુઅઝ્ઝેઝીનને હિ.૧૪૪૬ નું નવું સાલ મુબારક થાય. આકા મૌલા સૈયેદના સાહેબ (ત.ઉ.શ.) ની દોઆએ બાઅસરના સબબ અલ્લાહતઆલા મોર્હરમુલ હરામ મહીનાના પહેલા દસકા-અશરહ મુબારકહ માં હુસૈનીઓ-માતમદારો પર આહોઝારી અને અશ્કબારીની જન્નતી બારિશ વરસાવે છે. મૌ.ઈમામ હુસૈન (અ.સ.) ની આ બરકતના સબબ હમારી શફાઅત છે અને ઊંચા દરજાત છે, જેની શરફયાબી અને ફઝલનવાઝી જમાઅતે અલવીયહના તમામ મુમેનીનને મુબારક થાય.**

આપે મઝીદ ફરમાવું કે, "અય મારા અલી અને ફાતેમા ! અલ્લાહતઆલાએ તમને બે ફરઝંદે બાજમાલ અતા કીધા છે. જે વક્ત હું દુનિયામાં નહીં હોવ, તે વક્ત અલ્લાહની ઈનાયત તમારા ઉપર થાશે અને એક બીજા ફરઝંદની ખુશખબરી તમને હાસિલ થાશે. દુશ્મનાને દીનથી અલ્લાહતઆલા મારા અહલુલ બૈતની હિફાઝત કરે. જે વક્ત તમેં એ મારા તીસરા ફરઝંદની બુશરા સાંભલો, **તો એનું નામ તમેં " હરબ " નહીં, બલકે " મોહસિન " રાખજો. "**

મૌ.અલી ફરમાવે છે કે, નબી સાહેબની આ બયાની બાદ, આપ મારા તરફ ખાસ મુખાતિબ થયા અને ફરમાવું કે, મૈં મારા તમામ ફરઝંદોના નામો મૌ.મૂસા કલીમુલ્લાહના વસી મૌ.હારૂનના ફરઝંદોના નામો પરથી રાખેલા છે. જે મુજબ મૌ.હારૂનની મંઝેલત મૌ.મૂસાને નઝદીક હતી, તે જ મુજબ, **અય મારા અલી ! તમારી મંઝેલત મારા નઝદીક છે.** મૌ.હારૂનના ત્રણ ફરઝંદો હતા, જેના નામ શબ્બર, શબ્બીર અને મુશબ્બિર હતા. લેહાઝા, અય મારા ભાઈ અલી ! મેં હમારા અહલના ફરઝંદોના નામ હસન, હુસૈન અને મોહસિન રાખેલા છે. અલ્લાહતઆલાની ખુશી હમારા સાથે છે અને હમેં તેના હમ્દો તકબીરના માલિક છે.

(બકીયહ પેજ નં. ૨ પર)

**આખેરતની સઆદત-નેકબખ્તી હાસિલ કરવા વાસ્તે એક અક્લમંદ શખ્સ ઘરથી નિકલીને સફર કરે છે.**

(પેજ નં. ૧ નું બાકી)

મૌ.ઈમામ જાઅફરૂસ્સાદિક (અ.સ.) ફરમાવે છે કે, "આપના બાવાજી સાહેબથી આપે સાંભલું છે કે, જે વક્ત મૌ.હસનની વિલાદત થઈ તે વક્ત મૌ.જિબ્રઈલ પધારા અને આપના હાથમાં જન્નતી કપડાઓમાંથી એક રેશમનો ટુકડો નબી સાહેબને લાવીને આપો કે જેના ઉપર "**હસન**" નામ લખેલું હતું. જે વક્ત માઁ ફાતેમાના બતને અત્હરથી મૌ.હસનની વિલાદત થઈ તે વક્ત નબી સાહેબ પધારા અને કહ્યું કે, અય ફાતેમા ! આ તમારા મોટા ફરઝંદ છે અને અલ્લાહની ખુશી એ છે કે, તમેં એનું નામ "હસન પાડો. હવે, જે વક્ત મૌ.હુસૈન પૈદા થયા અને નબી સાહેબે એમનો ખૂબરૂ અને બજમાલ ચહેરો જોયો તો, આપે ફરમાવું કે, **આ હસીન રૂખ વાલા ફરઝંદનું નામ "હુસૈન" રાખો કે જે "હુસૈન" નામનું શહેર અલ્લાહતઆલાએ જન્નતમાં બનાવેલું છે.**

હજી, કિતાબોમાં એમ વારિદ થયેલું છે કે, બેવે ઈમામોના નામો, "હસન" અને "હુસૈન", જન્નતના લોગોના નામો માંથી છે. ઝમાનએ જાહેલીયત માં અરબ લોગો આ નામો રાખતા ન હતા. અબૂ રાફેઅ રિવાયત કરે છે કે, નબી સાહેબને મૈં જોયા કે, મૌ.હસન અને મૌ.હુસૈન, આ બેવે સાહેબોની વક્તે વિલાદત આપે બેવેના જમણા કાનમાં અઝાનની નિદા બલંદ કીધી. મૌ.ઈમામ જાઅફરૂસ્સાદિક (અ.સ.) ફરમાવે છે કે, "નબી સાહેબે મૌ.હસનના અકીકહ વાસ્તે એક બકરી ઝબેહ કીધી અને આ જ મુજબનો અમલ આપે મૌ.હુસૈન વાસ્તે કીધો. આપે બેવે ઈમામોના માથાના બાલ ૭ માં દિન લીધા અને માઁ ફાતેમા ને ફરમાવું કે, "**મારા શાહઝાદાઓના બાલના વઝન મુજબ સદકો કરજો.**" આપના ફરમાન મુજબ માઁ ફાતેમાએ એક-એક શાહઝાદાના બાલનું વઝન કીધું તો દોઢ દિરહમ બરાબર થયું. નબી સાહેબે ફરમાવું કે, જે શખ્સ પોતાના ફરઝંદનો અકીકહ કરે, તો જે દાઈ બચ્ચાની વિલાદતના ઊમૂર અંજામ આપનારી હોય, એને બકરીનો પાછલો પગ હદીયો કરી દે.

મૌ.ઉમ્મે સલમહ રિવાયત બયાન કરે છે કે, નબી સાહેબે માઁ ફાતેમા સાથે બેવે શાહઝાદાઓ મૌ.હસન અને મૌ.હુસૈનને આપના ઘરે બોલાવા અને પછી આપે મૌ.હસનને પોતાના સીના ઉપર લીધા અને મૌ.હુસૈનને જમણા હાથ પર લિટાવી દીધા. તે વક્ત મૈં નબી સાહેબના પાછલ બેસેલી હતી અને માઁ ફાતેમા આપના આગલ હતા. મૈં જોયું કે, આ જ હાલમાં રાતના ચંદ લમ્હાત ગુઝરા. તે બાદ, મૌ.હુસૈન આપના હાથ પરથી સરકી ગયા, તો મૈં એને લેવાને આગલ વધી, એટલામાં નબી સાહેબ મારા કરતા પહેલા આગલ વધીને એને લઈ લીધા."

મૈં અરઝ કીધી કે, "સાહેબ ! મૈં તો એમ સમઝતી હતી કે, આપ નિંદમાં છો !" આપે ફરમાવું કે, અય મારા અઝીઝહ ! **આ મારા અહલે બૈત જે વક્તથી મારા ઘરમાં છે, તે વક્તથી મને નિંદ કહાઁથી આવવાની છે !** તે બાદ રાતનો થોડો વક્ત ગુઝરો કે, આપે માઁ ફાતેમાને ફરમાવું કે, "તમેં તમારા ઘર તરફ વલી જાવ. તમારૂં જાવું તમને તમામને સુકૂન અતા કરશે." તે બાદ માઁ ફાતેમા મૌ.હુસૈનને પોતાના હાથમાં ઉંચકીને બાહર નિકલા અને સાથે મૌ.હસન એમના આગલ ચાલવા લાગા. આ મુજબ ત્રણે સાહેબોનું જાવું નબી સાહેબ બાતમક્કુન બેસીને જોઈ રહ્યા હતા. તે બાદ આપે ફરમાવું કે, "**આ સઘલા મારા ફરઝંદો મારા અહલે બૈત છે. આ સઘલાને હું મોહબ્બત કરૂં છું.**" આ કલામ આપે ત્રણ વક્ત ફરમાવા. ✫

---

**ઝિંદગી બહેતર તૌરથી બસર થાય અને રોઝી હાસિલ થાય,**
**તે વાસ્તે એક અક્લમંદ શખ્સ ઘરથી નિકલીને સફર કરે છે.**

---

**જે શખ્સ ચુગલખોરની વાતને માનશે, એ પોતાના દોસ્તને ખોઈ દેશે.**

**એવી લઝ્ઝત જે હરામ ચીઝથી ન હોય, તે વાસ્તે એક અક્લમંદ શખ્સ ઘરથી નિકલીને સફર કરે છે.**

## અલ-અકાઈદુલ અલવીયહ - કિસ્ત-૩૩
### અલવી અકીદાઓ - અકીદો - ૪૯

**અકીદો -૪૯ : અલ્લાહતઆલા અહેદ તોડનાર પર ગઝબનાક થાય છે, એની તૌબીખો મઝમ્મત કરે છે. દુનિયા-આખેરતમાં એ ઝલીલ છે.**

હમારો અકીદો આ બાબત એ છે કે, અહેદ-મીસાક-વચનને તોડનાર અને કસમને ફરામોશ કરી દેનાર ખુદ પોતાની જાનનો દુશ્મન બની જાય છે અને તે વાસ્તે અઝાબનો ઝિમ્મેદાર પણ એ પોતે જ બને છે. અલ્લાહતઆલાના હૌલ અને કૂવતથી એ બરી છે. અલ્લાહની તાઅતથી એ વિખૂટો છે અને સાથે તેના રસૂલ અને વલીની તાઅતથી પણ. એવા બદબખ્ત વાસ્તે અલ્લાહતઆલાએ તેના કિતાબે મુબીનમાં એકદમ સખ્ત અલ્ફાઝમાં અને મઝમ્મતની નિદામાં ખફા થઈને આયતો ફરમાવેલી છે :

✼ **સૂરતો આલે ઇમરાન :**

કેમ નહીં ! જે શખ્સ અહેદ-મીસાકને વફા કરશે અને તકવા રાખશે, તો ઝરૂર અલ્લાહ પણ તકવા રાખનાર લોગોને ચાહે છે. ઝરૂર ! તે લોગો જે અલ્લાહના અહેદ અને તેના કસમોને દુનિયાવી ફાયદો લેવા થોડી કીમતમાં સોદાબાઝી કરે છે, તેઓ વાસ્તે આખેરતમાં કોઇ નસીબો નથી અને અલ્લાહ તેઓ સાથે વાત નહીં કરે અને તેઓ તરફ નહીં જોઇ, **યૌમે કેયામત તેઓને પાકો સાફ નહીં કરે** અને તેઓ વાસ્તે અલમનાક અઝાબ છે.

✼ **સૂરતુન્નિસા :**

અય મુમેનીન ! તમેં ઈમાનદારો ને સિવાય તેઓને મુકીને, તમારા દુશ્મનો, કાફિરોને તમારા દોસ્ત ના બનાવશો. શું તમેં એમ ચાહો છો કે, અલ્લાહના નઝદીક તમારા ખિલાફ આ તરહની તમારી કાફિરો સાથેની દોસ્તીના સબબ એક ખુલ્લી દલીલ કાઈમ થાય યા તમારો નિફાક ખુલ્લો પડી જાય. બેશક ! આ તરહના મુનાફિકો જહન્નમની નીચી જગામાં રહેશે. તમેં તેઓ વાસ્તે હરગિઝ કોઇ મદદગારને નહીં જોવ.

✼ **સૂરતુલ માએદહ :**

તે યહૂદીઓ કે જે મૌ.મૂસા નબીમાં ઈમાન રાખતા હતા, તેઓએ અલ્લાહતઆલાને મીસાક આપા બાદ તોડી દીધો, તેથી હમેં એને લાઅનત કીધી અને એના દિલોને સખ્ત બનાવી દીધા. આના સિવાય તેઓ પોતાના કલામને તેની માઅનાથી હટાવી દે છે, મફહૂમને બદલી દે છે. જે નસીહત તેને કરવામાં આવે છે તેમાંથી મોટા હિસ્સાને ભુલાવી દે છે. **આપ એ લોગોની ખયાનત પર વાકિફ થાતા રહેશો.** મગર તેઓમાંથી થોડા ખયાનતદાર નથી, તો આપ તેઓને મુઆફ કરી દો, દરગુઝર કરી દો. ઝરૂર ! અલ્લાહતઆલા અહેસાન કરનારને ચાહે છે.

✼ **સૂરતુલ માએદહ :**

મીસાક તોડનાર યહૂદીઓ બોલા કે, અલ્લાહના હાથ તો બંધાયેલા છે. અલ્લાહતઆલા ફરમાવે છે કે, અસલમાં તેઓના હાથ નાકામ છે, બંધાયેલા છે અને આ તરહના કૌલથી તેઓ મલઊન થયા. બલકે, તેના બે હાથ તો ખુલ્લા છે, કુશાદા છે, જેમ ચાહે તેમ પોતાની રોઝીને અને નેઅમતોને બંદાઓ વાસ્તે ખર્ચ કરે. ઝરૂર ! તેઓમાંથી ઘણા યહૂદીઓ ઔર ઝિયાદહ કુફ્ર અને તુગયાની પર સવાર થઈ જાશે, જે વકત કે, આપના રબ તરફથી આપના ઉપર કોઇ ફરમાને ઈલાહી ઉતારવામાં આવે. કેયામતના દિન તક **હમેં તેઓના દરમિયાન અદાવત અને દુશ્મની નાંખી દીધી.** જે વકત પણ તેઓ જંગની આગને ભડકાવે છે, તો અલ્લાહતઆલા તેને બુઝાવી દે છે.

(બકીયહ પેજ નં. ૮ પર)

**અલ્લાહતઆલા પર તવક્કુલ રાખવો તે દૌલતમંદ વાસ્તે નેઅમત છે.**

## દરસે કુરઆને કરીમ : સૂરતુલ બકરહ

**આયત : ૫૮**

**માઅના :** તમેં તેને યાદ કરો કે, હમેં જે વક્ત તમને કહ્યું, આ ગામમાં દાખિલ થાવ અને તમેં જહાઁથી ચાહો તે જગાથી ઈત્મિનાન સાથે જમો અને તમેં એ તરહ દાખિલ થાવ કે, તે ગામના દરવાઝા પર તમેં સજદો બજા લાવો. એમ કહેતા હુવા કે, હમેં તારા વલીની મોહબ્બત રાખીએ છે, લેહાઝા અય રબ્બ ! તું હમારા ગુનાહોંને મિટાવી દે. આમ કરવાને **" હિત્તાહ "** કહે છે. તો હમેં તમારી ખતાઓને બખ્શી દઈશું અને અહેસાન કરનાર મુમેનીનને ઝિયાદહ આપીશું.

**તશ્રીહ :** રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ફરમાવે છે કે, **"હું ઇલ્મનું શહેર છું અને મારા અલી તે મુબારક શહેરના દરવાઝા છે. મુમેનીન માંથી જે ચાહે કે ઇલ્મને હાસિલ કરે, એને આ દરવાઝા માં દાખિલ થાવું પડશે. "** યાઅની કે, ઈલ્મ કોઈ આમ ચીઝ નથી મગર ખાસ ચીઝ છે, કીમતી છે, ભારી છે કે જેના હુસૂલ વાસ્તે દરવાઝામાં દાખિલ થાવાની એક ખાસ કોશિશ કરવી પડે. અલવી દરવાઝામાંથી ગુઝરીને, ઝુકીને દાખિલ થઈને, ઈન્કેસારી અને નિય્યતે પાકીઝા સાથે તૌબા-ઈસ્તિગફાર કરીને જ મોહંમદી ઈલ્મને જાણી શકાય છે.

ગામ કરતા શહેરનો દરજો ઊંચો હોય, જો મૌલા અલી શહેરના દરવાઝા હોય, તો આપની આલે અત્હરના ઈમામુઝઝમાન એક નાના કરીયહ-ગામ મુજબ છે કે, જેની શનાખ્ત **એક મુબારક શહેરના ઇહાતા અને હદમાં શુમાર થાય છે.** મુમેનીનના ઈમાનો ઈલ્મની વાબિસ્તગી આ ઈલ્મી મુબારક ગામ સાથે હોય છે. કોઈ પણ મુમિનને તેના દરવાઝામાં દાખિલ થાવા સિવાય રસ્તો નથી.

"હિત્તાહ" બોલવાની માઅના જ એ છે કે, ઝબાનથી ઈમામે આલે મોહંમદ (સ.અ.) ની ઈમામતની માઅરેફત કરવી, આપની રઝા-રિઝામાં માનવું, આપ શરીઅતના મુખ્તાર છો તે કુબૂલ કરવું, આપના હાથ પર નજાત છે તે માનવું, ગુનાહોંની બખ્શિશ વાસ્તે આપની શફાઅત ઝરૂરી છે તેના ઉપર યકીન રાખવું, આપના આ ગામ-નુમા જન્નતમાં જ મુમિન વાસ્તે હર મુશ્કિલના હલ છે, હર સવાલ ના જવાબ છે, હર ઉમ્મીદને સામે નેઅમત છે અને હર ખૌફ વાસ્તે અમાન છે, એમ ઈમાન રાખવું.

આ મોહબ્બત, કુરબાની અને યકીનના સબબ મુમેનીન, **"મોહસેનીન"** નો દરજો હાસિલ કરે છે. અલ્લાહતઆલા મોહસેનીનના અજર-સવાબને ઝાયેઅ કરતા નથી. બલ્કે, તે અજરમાં વધારો જ કરે છે. બેહિસાબ અને બેગુમાન નેઅમતોથી નવાઝી દે છે. અલ્લાહતઆલા મુમેનીનને ફરમાવે છે કે, "તમેં ફિકર ના કરો, દિલમાં બેકલી-બેબસીનો અહેસાસ ના કરો. જો અગર તમેં તમારા ઈમાનના હર પહેલૂમાં કામિયાબ રહ્યા, તો હમેં તમારી ખતાઓને મુઆફ કરી દઈશું. **તમેં દુનિયામાંથી ગુઝરશો તો તમારા ખભાઓ પર તમારા ગુનાહોનો કોઇ ભાર-બોઝ નહીં હોય.** "

રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) એ જે વક્ત મક્કા શહેર ફતેહ કીધું તો આ જ તરીકા પર કીધું. યાઅની કે, જે લોગોએ મગફેરત ચાહી, મુઆફી ચાહી, તે તમામને આપની નુબૂવતની રહેમતની ચાદરમાં સમાવી દીધા અને આપના અમાનવાલા નબવી શહેરમાં વસાવી દીધા. કલેમતુશ્શહાદતના નૂરાની દામનથી વિલગાવી દીધા.

એ જ મુજબ હમારા ૧૪ માં ઈમામે ફાતેમી મૌ.મઅદ અલ-મોઈઝ (અ.સ.) જે વક્ત આફ્રિકામાં આપના હુકમથી બનાવવામાં આવેલું નવું શહેર **અલ-કાહેરતુલ મોઇઝ્ઝીયહ**માં આપ મૌલા દાખિલ થયા, તે વક્ત આપે (બકીયહ પેજ નં. ૬ ૫૨)

**વક્ત સર દવા મુહય્યા થાવી, તે મરીઝ વાસ્તે નેઅમત છે.**

## વઝકુર ફિલ કિતાબે ઈસ્માઈલ
## મૌ.ઇમામ ઇસ્માઇલ બિન મૌ.ઇમામ અસ-સાદિક (અ.સ.) ની તારીખે ઇસ્માઇલી - કિસ્ત-૩

ઈમામતમાં કોઈ વહેમ કે ગુમાન હોતો નથી, મગર તે તો અલ્લાહતઆલા તરફથી હોય છે. અલ્લાહતઆલા જે વક્ત તેના બંદાઓ દરમિયાન તેની ઝમીનમાં તેના દીન વાસ્તે તેના હુકમને માતહત કોઈ એક બા-કરામત શખ્સને મુકર્રર કરવાના હોય છે, તો તે એવા જ શખ્સને પસંદ કરે છે, પોતાના નુમાઈંદા બનાવે છે, જેના લોગો કરતા **આઅલા અખ્લાક હોય, રૌશન ઝહેન હોય, પાક તીનતના હોય અને તકવા-સબર-ઇન્સાફના સાહેબ હોય.** આ અમરમાં કોઈ ઈન્સાનની દખલગીરી ચાલતી નથી.

અલ્લાહતઆલાનું ઈલ્મ અને કુદરત બલંદતરમાં બલંદતર છે. તે પોતાના ઈમામના દિલમાં એવી વાત પૈદા કરે જ નહીં જે ઈમામતના કાનૂનને ખિલાફ જાતી હોય. મૌ.ઈમામ જાઅફરૂસ્સાદિક (અ.સ.) એ આપના ફરઝંદ મૌ.ઈસ્માઈલ પર જ નસ્સ ફરમાવી. આપના બીજા ફરઝંદો પણ હતા. પણ બહુક્મે ઈલાહી આપને ઈલ્મ હતું કે, મૌ.ઈસ્માઈલ જ કારે ઈમામતને ઉચકવા વાસ્તે કાબિલ છે. **ઇમામત અબદી-અઝલી, કાઇમી-દાઇમી છે.** ઈમામ પોતાના તે જ દીકરા પર નસ્સ ફરમાવે કે, જેમાં નસલ-દર-નસલ ફરઝંદો પૈદા થાનાર હોય અને તેઓમાં ઈમામત જારીયહ રહેનારી હોય. એ ઈમામ બની જ ના શકે કે જેની નસલ રૂકી જાનારી હોય, મિટી જાનારી હોય યા ઈમામના કોઈ ફરઝંદ જ બાકી ના રહે.

ઈમામત એની જ નસલમાં મહેફૂઝ રહે છે કે, જે ઈમામના ઘણા બધા ફરઝંદોમાંથી કોઈ એક ફરઝંદમાં ઈમામ હક્કના નૂરની ઝલક એની પૈશાની પર જોઈ. કઈ તમામ ફરઝંદો ઈમામતને લાઈક ના હોઈ શકે. ભલેને તમામ ઈલ્મમાં પહોંચ રાખતા હોય. મૌ.ઈમામ ઈસ્માઈલ જ આપના બાવાજી મૌ.અસ-સાદિક બાદ નસ્સના માલિક છે અને આપની નસલમાં જ મૌ.મોહંમદથી ઈમામતનો સિલસિલો સાબિત છે. મૌ.મોહંમદ બાદ ઈમામત ઝાહિરમાં હોય કે સતરમાં હોય, ઈમામના હુકૂક અને ઝિમ્મેદારીઓની અદાયેગી તો કાઈમ જ રહે છે. દોઆતે હક્ક યા નાઈબે ઈમામનું હર વક્ત હોવું તે ઈમામના હોવાની દલીલ છે અને એ એક જ હોય જે મુજબ ઈમામ એક જ હોય.

**બીજી દલીલ :**


હમેં એમ કહીએ છે કે, મૌ.અસ-સાદિકની ઔલાદમાં જ ઈમામતનો અમર હતો. ઈમામ પોતાના દીકરાઓ માંથી કોઈને પણ નસ્સ કરીને ઈમામતનો મન્સબ નથી સોંપતા એ વાત પહેલા કે, એ જાણી લે છે કે, કયા દીકરા ઈમામત વાસ્તે તમામ સુલાહીયત રાખે છે. અસલ વજેહ તો તેમાં એ જ છે કે, ઈમામતને વાસ્તે કોઈ પણ હાલતમાં બેઔલાદ ના હોવું જોઈએ. જો અગર નસલ, આગલ ના ચાલે તો એ દીકરો ઈમામતનો હક્કદાર રહેતો નથી. મૌ.અસ-સાદિકએ તો આપના મોટા ફરઝંદ મૌ.ઈસ્માઈલ પર નસ્સ ફરમાવી કેમકે, **આપ તમામ એતેબારથી કાબિલ હતા અને આપને ફરઝંદ હતા, જે આપના બીજા ભાઇઓ કરતા મોટા હતા.** જો અગર આપને ફરઝંદ ના હોત, તો નસ્સની બિના કઈ અલગ જ હોત. પણ યહાઁ, મૌ.મોહંમદ જે આપના ફરઝંદ હતા, એ એમના કાકાઓ કરતા ઈમામતના ઝિયાદહ હક્કદાર બની ગયા. તેથી જ મૌ.ઈસ્માઈલ અને આપની નસ્લે મુતહહરમાં ઈમામતની નહેર અને ઈલાહી અમર આગલ વધો. ✫

---

**મુમિનનો શરફ તે છે કે, ઓછામાં ઓછા સામાન સાથે ઝિંદગી બસર કરે.**

**સબર કરવો, તે મરીઝ વાસ્તે નેઅમત છે.**

## લફઝી કશ-મ-કશ



**✵ ઉભી તરકીબ :**

૧) "મારા માઁ" ને વાસ્તે "ઊમ્મી" કહેવાતું હોય તો "મારા બાવાજી" વાસ્તે ------- કહી શકાય. (૨)

૨) ------- ના અદદ ૭૨ છે. જે શોહદાએ કરબલાની ગિન્તી મુજબ છે. ૭૨ અસ્હાબે ઈમામ હુસૈન (અ.સ.)એ તે શયતાની સિફતનો મુકાબેલો કીધી અને કામિયાબ થયા. (૩)

૩) મુરઘીના બેડા જમી શકાય છે, કેમકે તે એક જાનિબથી નોંકદાર હોય છે. મગર ------ ના જમી શકાતા નથી, કેમ કે તે ના બેડા બેવે જાનિબથી ગોલ હોય છે. (૩)

૭) ------- ગુઝર, ------- નુમા, ------ બર, ------ગીર. (૨)


**✵ આડી તરકીબ :**

૨) શોહદાએ કરબલાના ઝુમરામાં મૌ.-------ઈબ્ને મઝાહિર (રિ.અ.) હતા જેની ઉંમર તમામ કરતા ઝિયાદહ હતી. (૩)

૪) કરબલાના મૈદાનમાં યૌમે આશૂરા પહેલા અહલુલ બૈત (અ.સ.) ના નૌનિહાલોમાં એક જ ------ હતી, ઉમ્મીદ હતી અને તે પાનીથી પ્યાસ બુઝાવવાની હતી. (૨)

૫) "નામ હયદર કા જબ ભી અપની ઝબાઁ પર આએ, સખ્ત સે સખ્ત હો મુશ્કિલ તો વો ભી ------ જાએ. (૨)

૬) "અદાસ" નામના ગુલામે તાઈફમાં એક બગીચામાં રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ને પનાહ આપી અને ------ ની લૂમના ૧૮ દાના જમવા વાસ્તે આપને આપા હતા. (૩)



**લફઝી કશ-મ-કશનો ખુલાસો :-**

**નોંધ :** લફઝી કશ-મ-કશના કૉલમના સવાલાતનો હલ આ સાથે જ આખિરમાં ઊંધા જવાબો પ્રિન્ટ કરીને આપવામાં આવો છે. કારેઇનથી ઈલ્તેમાસ છે કે, પહેલા સવાલાતને હલ કરવાની કોશિશ કરે અને પછી ખુદ જ પોતાના જવાબો સહી છે કે ગલત, તેની તફતીશ કરે. ✫

(પેજ નં. ૪ નું બાકી)

મજમએ કસીરને આપની ઈમામતની ચાદરે શફક્તમાં સમાવી દીધા. આપે ઈમામે આલે મોહંમદ (સ.અ.) ના નૂરાની પરચમને એ શાનથી બલંદ કીધા કે, હઝારોની તાઅદાદમાં લોગો આપની હક્કાનીયતના જલ્વાને સરે તસ્લીમ કરીને, આપથી મગફેરત ચાહીને, આપના મુમેનીન-મોહસેનીન-મોઅતકેદીન બની ગયા. તે મોઈઝઝી દરવાઝો આજે પણ મૌજૂદ છે કે, જેને **બાબુલ ફુતૂહ** કહે છે અને તે તેની અસ્લી શિકલમાં ઉભેલો છે.

અલ્લાહતઆલાએ મૌ.મૂસા કલીમુલ્લાહને ફરમાવું કે, "કિન્આનની ફલાઁ ઝમીન, કૌમે બની ઈસરાઈલ વાસ્તે મુબારક સાબિત થાશે અને મૈં તે મુલ્કને તેઓ વાસ્તે મખ્સૂસ રાખેલું છે. તેઓ અનકરીબ **ઊરેહા** નામના શહેરને ફતેહ કરશે. અય મૂસા ! તમેં તેઓના નઝદીક જાવ અને કહો કે, તેઓ તે શહેરમાં હિત્તહ કહી ને ફાતેહાના અંદાઝથી દાખિલ થાય. તેઓ ઝર્રા બરાબર પણ ગુરૂર ના કરે, મગર તૌબા કરે. **દરવાઝા પર સજદો કરીને દાખિલ થાય. મારાથી પોતાના ગુનાહોંની મગફરતને ચાહે.**" મૌ.મૂસાએ આ પૈગામે ઈલાહી કૌમે બની ઈસરાઈલને પહોંચાવો. મગર તેઓ હર ફરમાનને ખિલાફ ગયા. તકબ્બુરી કીધી, નાફરમાની કીધી, શહેરના લોગોને તકલીફ પહોંચાવી. ચંદ અય્યામમાં જ એ તમામ અઝાબે ઈલાહીમાં મુબ્તેલા થયા અને પૂરી કૌમ એક વબાની બીમારીમાં હલાક થઈ. ✫

**ફકીરો પર રહેમ કરવો, તે દૌલતમંદ વાસ્તે નેઅમત છે.**

## બરકતી માલા – કિસ્ત - ૪

મૌ. અમ્માર (રિ.અ.) એ તે બરકતી માલાને કસ્તૂરીથી મુઅત્તર કરીને, ખુશ્બૂદાર કરીને એક રેશ્મી રૂમાલમાં લપેટીને પોતાના ગુલામને કહ્યું કે, તું જા રસૂલુલ્લાહ બાવાજી (સ.અ.વ.વ.) ને નઝદીક અને આ માલા અને રૂમાલને તું નબી સાહેબને અરઝ કરજે. તું પાછો મારા ઘર પર હવે ના આવિશ, મગર મૈં તુંને પણ બરકતી માલા સાથે નબી સાહેબને હદીયો કરૂં છું.

ગુલામ માલા લઈને નબી સાહેબ પાસે આવો અને કહ્યું કે, "અય સાહેબ ! મારા માલિક મૌ.અમ્મારે આ માલા આપના વાસ્તે મોકલેલી છે અને મને પણ આપ વાસ્તે અતા કરી દીધો છે. **હવેથી મને કુલ્લી તૌર પર આપની ખિદમત કરવાની છે.**" નબી સાહેબે ફરમાવું કે, "અલ્લાહતઆલા મારા અમ્મારને ખૂબ-ખૂબ ખૈર અતા કરે. અય શખ્સ ! મને તમામ ચીઝ કુબૂલ છે. હવે તું જે મુજબ મારા નઝદીક આવો, તે જ મુજબ તું મારા ફાતેમાના ઘર પર જા. મૈં આ માલા અને તુંને ફાતેમા વાસ્તે બખ્શું છું. તારા પર લાઝિમ છે કે, **હવે પછી તારા માલકીન માઁ ફાતેમા જે કઇ તુંને અમર કરે, તે જ મુજબ તું કરજે.**"

ગુલામે માઁ ફાતેમા (અ.સ.) ના ઘર પર આવીને નબી સાહેબે જે જે ફરમાવેલું તેની ખબર કીધી. માઁ ફાતેમાએ તેમાલા આપના હાથમાં લીધી અને આહિસ્તાથી ગલામાં પહેરી લીધી. આપે ગુલામને કહ્યું કે, "આજથી હું તુંને મારી મિલ્કીયત માંથી આઝાદ કરૂં છું. હવેથી તું તારી ઝિંદગીને બહેતર તૌરથી બસર કર." આ સાંભલીને ગુલામ હસવા લાગો. માઁ ફાતેમાએ પૂછ્યું કે, "**અય શખ્સ ! ક્યા સબબથી તુંને હસું આવું.**" એ બોલો કે, "આ બરકતી માલા કે જે હવે આપના ગલામાં છે, તેના સબબ મને હસું આવી ગયું. કેમકે, આ તે જ માલા છે કે જેની બરકતના સબબ,

એક ભૂખા શખ્સને જમન મિલું,
નાંગા-ઉરયાન શખ્સને કપડા પહેરવા મિલા,
એક ફકીર શખ્સ તવંગર-ગની થઈ ગયો
અને મારા જેવા ગુલામને આજે આઝાદી મિલી ગઈ." ☆

## અપની ઝબાન – કિસ્ત - ૨

હમેં ઘરમાં, બાઝારમાં, વેપારમાં, રિશ્તાઓમાં, બચ્ચાં સાથે, હસીં-મઝાકમાં, હલકા-ફુલકા માહૌલમાં, તહેવારમાં, ઈબાદતોમાં, હમજોલીઓ-દોસ્તો સાથે, ખુશી-ગમીમાં વગૈરહ એવા અલ્ફાઝ બોલીએ છે, જેનો કોઈ ઝબાન સાથે રિશ્તો-તઅલ્લુક હોતો નથી. ફક્ત તે ચીઝો હમારી બોલચાલમાં વરસોથી દાખિલ થયેલી છે અને કંઈ જ વિચારા બગૈર હમેં તે હાલાત અને બનાવને સમઝાવવા તેને બોલીએ છે. આ અલ્ફાઝ-મુહાવેરાને હમેં યહાઁ આ કોલમને માતહત લાવીશું. એવા અજીબો-ગરીબ અલ્ફાઝ-મુહાવરાને યાદ અપાવીને તેનો મતલબ બતાવીશું. કેટલીક એવી ચીઝો છે જે આજે હમારી ઝબાન પરથી ભુલાઈ ગઈ છે. આ કોલમના સબબ હમને તે જુની ઝબાન યાદ આવશે.

કારેઈન પાસે જો આ તરહના બાઝારૂ યા હલકા-ફુલકા અલ્ફાઝ હોય, ઈસ્તેમાલ કરતા હોય, બોલતા હોય તો તેને ૯૨૨૭૫૯૮૯૦૯ પર વોટસએપ કરી મોકલી આપશો.

**ગયા શુમારાના અલ્ફાઝ :** અગન્ની, ભસકટ લોગો, ચબરખી, ઢક્કેલ પંચા દોઢસો, ફટ્ટુસ.

**નવા અલ્ફાઝ :**

**અસનઇ :** જે કામમાં કોઈ તજરૂબો ના હોય તેને હાથમાં લેવું, કોઈ ચીઝ સીધી ચાલતી હોય તેને નવી ગૈર-ઝરૂરી ચીઝ તરફ લઈ જાવી.

(બકીયહ પેજ નં. ૮ પર)

**તબીઅત-પુરસી કરનાર દોઆ કરે, તે મરીઝ વાસ્તે નેઅમત છે.**

(પેજ નં. ૩ નું બાકી)

તેઓ ઝમીનમાં ફસાદ મચાવે છે અને અલ્લાહતઆલા ફસાદ કરનારને પસંદ નથી કરતો.

⁕ **સૂરતુર્રઅદ :**

જે લોગો અલ્લાહતઆલાને આપેલા અહેદને તેની મઝબૂતી કરવા બાદ તોડી દે છે અને અલ્લાહએ જે દીનને જોડવાનો હુક્મ કીધો હોય તેને તોડી દે છે અને ઝમીનમાં ફસાદ પૈદા કરે છે, આવા લોગો વાસ્તે છે લાઅનત અને તેઓ વાસ્તે છે બુરો અંજામ.

⁕ **સૂરતુન્નહેલ :**

તમેં અલ્લાહતઆલાને આપેલા અહેદને વફા કરો, જે વક્ત તમેં વચન આપેલું હોય. જે કસમો તમેં ખાધી હોય તેને મઝબૂતી સાથે નિભાવો, તોડી ના દો, આ હાલમાં કે તમેં અલ્લાહને તમારા કફીલ બનાવા છે. બેશક ! અલ્લાહ જાણે છે તેને કે જે તમેં કરો છે. તમેં એ બૈરો જેવા ના થાવ કે જે દોરીને મઝબૂતીથી રાખા બાદ તેના ટુકડે ટુકડા કરી નાખે, યાઅની મીસાકને તોડી નાખે. આ મિસાલ પર તમેં પણ તમારા કસમોને **આપસમાં દખલગીરી કરીને ફસાદનો સબબ બનાવશો,** તે વાસ્તે કે એક જમાઅત બીજી જમાઅત કરતા વધી ના જાય. બેશક, અલ્લાહ તમારી આઝમાઈશ કરે છે અને તમેં જે ચીઝમાં ઈખ્તેલાફ કરો છો તેને અલ્લાહ કેયામતના દિન વાઝેહ કરી દેશે.

⁕ **સૂરતુલ કલમ :**

ના તાઅત કરો તમેં હર એક જૂઠા કસમ ખાનાર હલકા શખ્સની. આ શખ્સ કેવો કે, ચુગલખોર, તાઅનાબાઝ, બીજાની ખરાબ વાતો કરવામાં દોડાદોરી કરનારો, ખૈરથી રોકનાર, ઝુલ્મ કરનાર, પાપી-બદમિઝાજ. આ શખ્સ કેવો કે, હરામની ઔલાદ, બદબખ્ત, બદઅહલ, તે વાસ્તે કે એ **માલવાલો અને ઔલાદવાલો છે** કે, જેથી એ દુનિયાના ઊમૂરમાં રચોપચો રહે છે.

ઉપર મઝકૂર તમામ આયતોથી સાબિત થાય છે કે, અલ્લાહ અને તેના નુમાઈંદાને મીસાક આપવો અને તે બાદ બરાબર વફા કરવો, તે હમારા દીનનો રૂકને અઝીમ છે. **અકીદાનો અતૂટ હિસ્સો છે. ઇમાનનો અહમ પાયો છે.** તેને તોડનાર પર કઈ તરહ અલ્લાહનો અઝાબ અને લાઅનત નાઝિલ થાય છે અને તેના પર ચાલનાર વાસ્તે કઈ તરહ અલ્લાહ નેઅમતોની નવાઝિશ કરે છે. હર ઝમાનમાં મીસાક લેનાર એક જ હોય અને મીસાકને અરઝ કરનાર બેશુમાર હોય. જેમ કુરઆન ને નાઝિલ કરનાર એક હોય અને તેને પઢનાર અનેક હોય. અહેદ આપવો, મીસાક અરઝ કરવો, તેને સાંભલા બાદ વચન આપવું ખૂબ જ આસાન છે, મગર તેના ઉપર ચાલવું, કહ્યા મુજબ અમલ કરવો, તેને હર હાલમાં હર જગા પર નિભાવવો ખૂબ મુશ્કિલ છે. તે લોગો વાસ્તે હરગિઝ નહીં કે, જે મીસાકની અહેમીયત જાણે છે, દીનમાં તેની મરકઝીયતને સમઝે છે અને તેને જ સાહેબે હક્કના હાથ પર નજાતનો દરવાઝો માને છે. ✯

---

(પેજ નં. ૭ નું બાકી)

**બખર જંતર :** કામને બિગાડી દેવું કે જેમાં સોચવામાં અને તેને અમલમાં મુકવામાં તકલીફ ઊભી થાય.

**ચિલ્લી ઘમસલ્લા :** બચ્ચાં વાસ્તે ઈસ્તેમાલ થાય છે. ચાલતા-ચાલતા પડી જવું, કોઇ ચીઝને બચ્ચાંને હસાવવા પાડી દેવી.

**ટોલ્લી :** બેડ, ચારપાઇ, પલંગ. જૂના લાકડાથી બનેલો ચોરસ ઢાંચો કે જેમાં લંબાઇ-ચૌડાઇ દરમિયાન જાડી કાંઠી વાપરી સુવા-બેસવા વાસ્તે બેઠક બનાવવામાં આવે.

**ફુગ્ગો ફૂલાવવો :** કોઈ ગુસ્સો કરે, સખ્ત કલામ કરે, દિલને લાગી આવે, ગમગીન થાય તો થોડા વક્ત વાસ્તે ચુપચાપ મૂઁહ ચઢાવીને બેસી જાય. મૂઁહનો ફુગ્ગો ફૂટી જાય તો કઇ બોલે યા હસે. ✯

**તકબ્બુરીથી બાઝ રહેવું, તે દૌલતમંદ વાસ્તે નેઅમત છે.**

## દરસે લિસાનુદ્દાઅવત

### مولانا ابو الفضل عباس ـ علمدار لشكر حسيني

مولاتنا فاطمة بنت اسد ني دعاء و تمنا سي مولانا علي پيدا تهيا۔ آ ج مثل مولانا علي ع م ني دعاء و تمنا سي مولانا عباس پيدا تهيا۔ اٰپنا بهائي عقيل ني رائی-مشورة سي اٰپ يه فاطمة كلابيه ام البنين سي عقد كيدا، نكاح كيدا، جهنا بطن طاهر سي مولانا عباس پيدا تهيا۔ چاند ني مثل مولانا عباس نا رخ انور نورانيدار هتا انے پيدائش ني پور مسرّة خبر ملتانے ساتهے ج اٰپ يه بارگاه رباني ما شكر نو سجدو اداء فرماؤ۔

جه وقت اٰپ مولى پيدا تهيا هتا، ته وقت اٰپ يه اٰنكهو كهولي انے اٰپني پهلي نگاه محمد المصطفى ﷺ نا وجه مبارك پر پڑي انے اٰپ يه نبوي نور سي فيض حاصل كيدو۔ مولانا عباس ني ولادة نا وقت مولانا امام حسين نے ايک عجب طاقت انے تازگي نو احساس تهيو۔ اٰپ امام نے خبر پهنچي تو اٰپ فوراً گهرے دوڑي اٰوا انے اٰپنا بهائي عباس نا كان ما اذان۔اقامة پڑهي انے بهائي عباس ني پهلا ما پهلي نظر اٰپ امام نا چهره نوراني پر پڑي۔

جه موجب نبي صاحب يه اٰپني زبان مبارک نے مولانا علي نا دهن اقدس ما موكي نے بزبان حال جاں بازي نو اقرار ليدو انے جاں فدائي نو وچن ليدو، ته ج موجب مولانا امام حسين يه پوتاني زبان مبارک نے بهائي عباس نا دهن اطهر ما موكينے بزبان حال جاں بازي نو اقرار ليدو انے طفل عباس نے پوتاني عبا ماں اٹهاوينے مولانا علي نے پاس لئي گيا انے كهيو كه، اے باواجي صاحب! اٰ بچّه منے خوب پيارا چهے، ميں اٰ طفل ني پرورش كريس۔

مولانا علي يه فرمايو كه، "اے دكرا حسين! اٰ تو خوب ج خوشي ني بناء چهے۔" مولانا حسين يه فرمايو، "اے باواجي! مهارا ما جه وقت اٰ بچّه ني محبت جوش مارے چهے، تو ساتهے ساتهے مهارو دل پن بهرائي اٰوے چهے۔" مولانا علي يه جواب ما فرمايو كه، اے دكرا! خدا تعالىٰ نا جه خاص الخاص بنداؤ هوئي چهے، تهنا واسطے خوشي انے غمي بيوے جڑوا چيزو چهے۔ اٰجے اٰ تمارا بهائي عباس تمنے خوش كري رهيا چهے مگر ايک دن يه موجب نو بهي اٰوسے كه، تميں اٰ بهائي ني جدائي پر فرماوسو كه، "هوے مهاري كمر ٹوٹي گئي!" اٰ موجب فرماوي تميں اٰه و زاري كرسو۔ اے مهارا حسين، مولانا جبرئيل امين تماري شهادة واسطے محضر نامو لاوا هتا، جه ما ايم درج تهيو هتو كه، تميں اے حسين، "سيد الشهداء"، تمام شهيدو نا سردار چهو انے "والعباس حامل الاواء"، يعني عباس تمارا لشكر نا علمبردار چهے۔

اٰ طرح فرماوي نے مولانا علي رويا، اٰپني ولادة نا ساتما دن عقيقة ني رسم اداء كيدي۔ "عباس" نام راكهو۔ اٰپنو نام "حيدر" يعني شير انے عباس ني معني پن شير ني ج تهائي چهے۔ شير نا بچّه شير ج هوئي چهے۔

(બકીયહ પેજ નં. ૧૦ પર)

**દુનિયાના ફૌત થાવા પર જે શખ્સ રોશે, એનાથી અલ્લાહતઆલા નારાઝ થાશે.**

(પેજ નં. ૯ નું બાકી)

## મૌલાના અબુલ ફઝલ અબ્બાસ અલમબરદારે લશ્કરે હુસૈની (અ.સ.)

મૌલાતોના ફાતેમા બિન્તે અસદ (રિ.અ.) ની દોઆઓ-તમન્નાથી મૌલાના અલી સાહેબે ઝુલફિકાર (અ.સ.) પૈદા થયા. આ જ મિસિલ મૌ.અલીની દોઆઓ તમન્નાથી મૌ.અબ્બાસે જરી પૈદા થયા. આપના ભાઇ મૌ.અકીલની રાય-મશ્વરાથી આપે મૌ.ફાતેમા કિલાબીયહ ઉમ્મુલ બનીન (રિ.અ.) થી અકદ કીધા, નિકાહ કીધા, જેના બતને તાહિરથી મૌ.અબ્બાસ પૈદા થયા. ચાઁદની મિસિલ મૌ.અબ્બાસના રૂખે અન્વર નૂરાનીદાર હતા અને પૈદાઇશની પુરમસર્રત ખબર મિલતાને સાથે જ આપે બારગાહે રબ્બાનીમાં શુક્રનો સજદો અદા ફરમાવો.

જે વક્ત આપ મૌલા પૈદા થયા હતા, તે વક્ત આપે આઁખો ખોલી અને આપની પહેલી નિગાહ મોહંમદ રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ના વજહે મુબારક પર પડી અને આપે નબવી નૂરથી ફૈઝ હાસિલ કીધો. મૌ.અબ્બસની વિલાદતના વક્ત મૌ.ઈમામ હુસૈન (અ.સ.) ને એક અજબ તાકત અને તાઝગીનો અહેસાસ થયો. આપ ઈમામને ખબર પહોંચી કે ફૌરન ઘરે દોડી આવા અને આપના ભાઇ અબ્બાસના કાનમાં અઝાન-ઈકામત પઢી અને ભાઇ અબ્બાસની પહેલામાં પહેલી નઝર આપ ઈમામના ચહેરએ નૂરાની પર પડી.

જે મુજબ નબી સાહેબે આપની ઝબાને મુબારકને મૌ.અલીના દહને અકદસમાં મુકીને બઝબાને હાલ જાઁબાઝીનો ઈકરાર લીધો અને જાઁફિદાઇનું વચન લીધું, તે જ મુજબ મૌ.હુસૈને આપની ઝબાને મુબારકને ભાઈ અબ્બાસના દહને અતહરમાં મુકીને બઝબાને હાલ જાઁબાઝીનો ઈકરાર લીધો અને તિફલ અબ્બાસને પોતાની અબામાં ઉઠાવીને મૌ.અલીને પાસે લઇ ગયા અને કહ્યું કે, “અય બાવાજી સાહેબ ! આ બચ્ચા મને ખૂબ પ્યારા છે, મૈં એમની પરવરિશ કરિશ.”

મૌ.અલી (અ.સ.) એ ફરમાવું કે,“ અય દીકરા હુસૈન ! આ તો ખૂબ જ ખુશીની બિના છે !” મૌ.હુસૈને ફરમાવું, “અય બાવાજી ! મારામાં જે વક્ત આ બચ્ચાની મોહબ્બત જોશ મારે છે, તો તેને સાથ-સાથ મારૂં દિલ પણ ભરાઇ આવે છે. ” મૌ.અલીએ જવાબમાં ફરમાવું કે, “અય દીકરા ! ખુદાતઆલાના જે ખાસુલ ખાસ બંદાઓ હોય છે, તેમના વાસ્તે ખુશી અને ગમ, બેવે જુડવા ચીઝો છે. આજે આ તમારા ભાઈ અબ્બાસ તમને ખુશ કરી રહ્યા છે, મગર એક દિન એવો પણ આવશે કે, તમેં આ ભાઇના બિછડી જાવા પર કહેશો કે, “હવે મારી કમર તૂટી ગઈ !” આમ કહી તમેં આહોઝારી કરશો. અય મારા હુસૈન ! મૌ.જિબ્રઇલ અમીન તમારી શહાદત વાસ્તે મહેઝરનામું લાવા હતા, જેમાં એમ દરજ કીધેલું હતું કે, “તમેં , અય હુસૈન ! “સૈયેદુશ-શોહદા”, તમામ શહીદોના સરદાર છો અને “વલ-અબ્બાસો હામિલુલ્લેવા” અને મૌ.અબ્બાસ તમારા લશ્કરના અલમબરદાર છે.

આ તરહ ફરમાવીને મૌ.અલી રોયા, આપની વિલાદતના સાતમા દિન અકીકહની રસમ અદા કીધી. “અબ્બાસ” નામ રાખું. મૌ.અલીનું નામ “હયદર”, યાઅની શૈર અને “અબ્બાસ” ની માઅના પણ શૈરની જ થાય છે. શૈરના બચ્ચા શૈર જ હોય છે.

**મુશ્કિલ અલ્ફાઝ :**

મિસિલ : મુજબ, જેવા
બતને તાહિર : પાકીઝા પેટ
રૂખે અન્વર : ચમકતો ચહેરો
પુરમસર્રત : ખુશીથી ભરેલી
નિગાહ : નઝર, ઝલક
વજહે મુબારક : મુબારક મૂઁહ
ફૈઝ : ફાયદો
દહને અકદસ : મુબારક ઝબાન
જાઁબાઝી : જાનને ફિદા કરવી
તિફલ : નાના બચ્ચા
બિના : સબબ
દરજ કીધેલું : લખેલું. ☆

**અલ્લાહતઆલાએ ફરમાવેલી કઝા પર શિકાયત કરનાર શખ્સ ઈમાનમાં કમ્ઝોર છે.**

## ગુલ્શને ફિકહ – શરીઅતનું હલાલો હરામ
### બીમારીની ઝિક્ર - કિસ્ત - ૧૩

હર ચીઝ જે મુમિનને પાક કરે તે એના વાસ્તે નેઅમત છે. નાપાકી મુમિનને ગમતી નથી. આના સબબ પાની મુમિન વાસ્તે નેઅમત છે. તે નાપાકીને દૂર કરીને પાકી અતા કરે છે. નાપાકી ફક્ત જિસ્માની હોતી નથી. પણ મુમિનની ભુલો અને કોતાહીઓના સબબ નફસાની નાપાકી પણ હોય છે. આ ઝાહિરી નહીં પણ બાતિની નાપાકી હોય છે. તેને દૂર કરવા વાસ્તે પણ અલ્લાહતઆલાએ રસ્તાં બનાવેલા છે, આ રસ્તાઓમાંથી એક રસ્તો બીમારીનો છે. **મુમિન વાસ્તે બીમારી પણ એક નેઅમત મુજબ છે,** કેમકે, તે મુમિનની બાતિની નાપાકીને દૂર કરે છે. બીમારીની દર્દો તકલીફ ઉચકીને એ ગુનાહોના ભાર અને તેના અઝાબની ફિકરથી દૂર થઈ જાય છે.

પાઁચમા ફાતેમી ઈમામ મૌ.અબૂ અબ્દિલ્લાહ જાઅફર અસ-સાદિક (અ.સ.) ફરમાવે છે કે, "અલ્લાહતઆલા મુમિનને મૌત આપીને તેના ઉપર ઘણું જ મોટું અહેસાન કરે છે. મુમિન બંદો જે વક્ત બિસ્તરે મૌત પર હોય છે અને એની સોચ અને એની ઝબાનના દરમિયાન એક આડ કરી દેવામાં આવે છે, યાઅની કે, એ બોલવાનું બંધ કરી દે છે, તે વક્ત રસૂલુલ્લાહ બાવાજી તશરીફ લાવે છે અને એની જમણી તરફ બેસી જાય છે. પછી મૌલા અલીયુલ મુરતઝા તશરીફ લાવે છે અને નબી સાહેબની ઈજાઝત લઈને એની ડાબી તરફ જઈને બેસી જાય છે. તે પછી રસૂલુલ્લાહ બાવાજી એ મુમિનને ફરમાવે છે કે, **" અય મારા ભલા મુમિન ! તું જે ચીઝની ઉમ્મીદ કરતો હતો તે તારા સામે છે. જે ચીઝથી તું ડરતો હતો તેનાથી તુંને અમાન છે. "**

તે પછી એના વાસ્તે જન્નતના દરવાઝાઓ માંથી એક દરવાઝો ખોલવામાં આવશે, પછી એને કહેવામાં આવશે કે, આ છે જન્નતમાં તારી મંઝેલત, તારો મકામ, તારા અજરની કૈફીયત ! પછી એ મુમિનને ઈખ્તિયાર આપવામાં આવશે કે, એની મરઝી જો એમ હોય કે, એને દુનિયામાં પાછો મોકલવામાં આવે અને તે ફાની જગામાં પહેલાની જેમ એને સોનું-ચાંદી હાથ લાગશે કે, જેનાથી એને ખુશી મિલશે અને ખૂબ માલ મિલશે, તો એ મુમિન કહેશે કે, "અય નિદા કરનાર ! હું મારા નબી અને વસીના દીદારથી ખૂબ ખુશ છું. જન્નતમાં મારી ઈઝ્ઝતથી હું કરારયાબ છું. **આ નેઅમતો છોડીને દુનિયામાં પાછા જાવાની મને કોઇ હાજિત નથી, ઝરૂરત નથી.**" આ કલામ જે વક્ત એ મુમિન બોલશે કે, એનો ચહેરો રોશન થઈ જાશે અને એની પૈશાની પરથી પસીનો ટપકશે. એના બે હોંઠ સંકોડાશે અને એના બે મન્ખર (નાકના નઠના-નસકોરા) ફૂલશે અને ફેલાશે. આ સાથે એની ડાબી આઁખ માંથી આઁસૂ નિકલશે.

અય મુમેનીન ! તમેં જે વક્ત કોઈ બીમાર મુમિનની આ નિશાનીઓ અને કૈફીયતે હાલ જોવ, તો તમેં યકીન કરી લે જો કે, એ મુમિનનો ઈન્તેકાલ કરીબ છે. આલમે દુનિયાથી એની રહેલત થાવાની છે. આલમે બકામાં એનો ઈન્તેઝામ થઈ ચુકો છે. એના આઅમાલ અને ઝિંદગીની પાકીઝગીના સબબ, **એની નફસના જૌહર ચમકવા વાસ્તે તૈયાર છે.** આ નફસ તેની શિકલે નૂરાની અને સૂરતે કુદસાનીયહને પામવા બલંદ થઈ રહી છે. જિસ્મના પિંજરામાં કૈદ આ નફસનું પંખી આઝાદ થાશે કે, તે ફૈરન તેની મંઝિલે મકસૂદ તરફ પરવાઝ કરી જાશે. ☆

---

**ખૈર અમલને જલ્દીથી ના કરવાથી ગુનાહનો ખૌફ રહે છે.**
**ગૈબની ચીઝો પર શક કરવાથી ગુનાહનો ખૌફ રહે છે.**
**ઈબાદતમાં સુસ્તી કરવાથી ગુનાહનો ખૌફ રહે છે.**
**જાઈઝ ચીઝો પર ના ચાલવાથી ગુનાહનો ખૌફ રહે છે.**

**શોહદાએ કરબલા, સબર અને હક્કના શાહ હતા.**

## સૈયેદાતે અહલે ઈમાન (અ.સ.)

અબૂ તાલિબ કી બેટી શુજાઅત ભરી,
જિસકે બાઝૂ મેં થી કૂવતે હયદરી,
જિસકે રોઅબ સે નિસવાઁ મેં થી થરથરી,
ઉમ્મે હાની થી ઈઝ્ઝત કે દુર કી લડી.
ઉસ હમશીરે હયદર પે લાખો સલામ,
જિસકે સદકે મેં દે રબ મુરાદેં તમામ.

બિન્ત ઈમરાઁ કી અઝમત હુઈ હે નશર,
જિસકો નૂરાની બખ્શા હે ઈસા પિસર,
જિસકી ઈફ્ફત પે રોતી રહી ઉમ્ર ભર,
ઉમ્મે ઈસા થીં મરિયમ બડી નામવર,
ઉસ રૂહુલ્લાહ કી માદર પે લાખોં સલામ,
જિસકે સદકે મેં દે રબ મુરાદેં તમામ.

જનાબે ખદીજા થીં ઝહરા કી માઁ,
જિસ સે આરામ પાએ રસૂલે ઝમાઁ,
ખુવૈલિદ કી બેટી કી થી આલી શાઁ,
જિસ પે સદકે હે બૂએ રિયાઝુલ જિનાઁ,
ઉમ્મે ખાતૂને મહેશર પે લાખોં સલામ,
જિસકે સદકે મેં દે રબ મુરાદેં તમામ.

અલ્લાહ અલ્લાહ યે કિસ્મતે બિન્તે અસદ,
જિસકે નિકલા શિકમ સે ખુદા કા અસદ,
કરતા હે બેટા જિસકા હરએક કી મદદ,
ઈન્સો જિન્નો મલક કી બલા કર દી રદ,
ફાતેમા ઉમ્મે હયદર પે લાખોં સલામ,
જિસકે સદકે મેં દે રબ મુરાદેં તમામ.

વાહ બિન્તે વહબ સાબેરહ શાકેરહ,
પાયા બેટા મોહંમદ નબી મહેલેકા,
જિસકી જલ્વાગરી પર દો-આલમ ફિદા,
બન ગઈ માદરે ખાતિમુલ અંબિયા,
આમેના ઉમ્મે અહમદ પે લાખો સલામ,
જિસકે સદકે મેં દે રબ મુરાદેં તમામ.

ફાતેમા અમ્મા ઝયનબો કુલસૂમ કી,
રાહતેં હાય જિસકો ન એક પલ મિલી.
દેખા મોહસિન કા સાકિત હમલ દિલ જલી,
રો-રો સિતોર દિન બાપ કો મર ગઈ,
ઉમ્મે શબ્બીરો શબ્બર પે લાખોં સલામ,
જિસકે સદકે મેં દે રબ મુરાદેં તમામ.

આહ હમશીરે ઝહરા થી ઝયનબ અજીબ,
જિસકી ઈઝા પે રોએ ખુદા કે હબીબ,
મર ગઈ શિકમ કા દર્દ સહેકે ગરીબ,
સુન દોઆ ભેજ દે અય ખુદાએ મોજીબ,
ઝયનબે બિન્તે એહમદ પે લાખો સલામ,
જિસકે સદકે મેં દે રબ મુરાદેં તમામ.

ઝયનબે બિન્તે હયદર દુખઝદી પારસા,
છોડા ભાઈ કા દામન ન દર કરબલા,
કટતે ખંજર સે દેખા ગલા ભાઈ કા,
ભેજ દી રન મેં સર સે વો અપની રિદા,
ઝૌજતે ઈબ્ને જાઅફર પે લાખોં સલામ,
જિસકે સદકે મેં દે રબ મુરાદેં તમામ.

શહરે બાનૂ વો કિસરા કી શાહઝાદી થી,
જિસકે ગુલશન મેં બાદે ખિઝાઁ થી અલી,
રોઈ ચિલ્લાકે આઓ નજફ સે અલી,
તું ભી ઈસ વક્ત કેહ જલ્દ ઝાકિર અલી,
ઉમ્મે અકબરો અસગર પે લાખોં સલામ,
જિસકે સદકે મેં દે રબ મુરાદેં તમામ. ✯

## તિજારત


**Ismat Tinwala (MA, B.Ed.)**

**25 Years** of Proficiency in
Sanskrit, Hindi & Gujarati Subjects.

**8th to 12th (GSEB, CBSE, ICSE)**

**A2/103, Ali Chamber-1, 1st Floor, Taiyebi Park, Ajwa Road, Vadodara - 390019.**

**Ph.: 09409156524** ✯

## રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ના ખાસૂલ ખાસ
## મૌ. સલમાનુલ ફારસી (રિ.અ.) – કિસ્ત : ૩૫ - અપની ઝબાન

અસ્હાબે કિરામ માંસી, રસૂલુલ્લાહ બાવાજી પિદરે ઈસ્લામ સી ઝિયાદહમાં ઝિયાદહ નઝદીક જે સાહેબ હતા એ મૌ.સલમાનુલ ફારસી (રિ.અ.) હતા અને આપ મૌલાના અલી માદરે ઈમાનના પન ઈતલા જ ચહેતા હતા. આપ હર વક્ત નબી સાહેબ પાસે નસીહતની અરઝ કરતા અને તેના બદલામાં આપ નબી સાહેબસી ઈલ્મો હિકમતના મોતીઓ હાસિલ કરતા. કેયામતની નિશાનીઓનું ઈલ્મ પન આપે એ જ તરહ હાસિલ કીધું. ઈલ્મ બી કિવું કે, હર ઝમાન, હર કૌમ અને મઝહબ વાસ્તે સાચું હોય, મુનાસિબ હોય. નબી સાહેબે ફરમાવું કે, અય સલમાન ! તમેં યાદ રાખો કે, જે વક્ત કેયામત કરીબ થાસે તો,

- **મોટાઓની-બુઝુર્ગોની કદરદાની અને હુરમત ઓછી થઇ જાસે.**
- **નાના બચ્ચાં પર રહેમદિલી, શફક્ત અન પ્યાર ઓછો થઇ જાસે.**
- **બેગયરતી, શરમો હયા, "હું" પનું વધી જાસે.**

ઉપર મઝકૂર નુકતાઓ પર જે વક્ત નઝર કરવામાં આવે, તો એક ચીઝ સાફ-સાફ ઉભરીને આવેચ કે, હવે જે નવી પૌત, નવા જવાનો, જે શાદીશુદા થઈને સમાજમાં દાખિલ થઈ રહ્યાચ યા તેને બનાવી રહ્યાચ, તેઓ તાઅલીમ યાફ્તા છે, હુશિયાર છે, નવી-નવી ટેકનોલોજીને જલ્દીસી ઈખ્તિયાર કરનાર છે, પૈસાદાર છે, શોહરત-નામવરી પૈદા કીદેલીચ, વગદાર છે, ઓછા વક્તમાં ઘના કામો કરવા પર ઉતાવલીયા છે.

આ તમામને દરમિયાન હમારા જવાનોમાં ઈન્સાની અકદાર અને અખ્લાકમાંસી શફકત, રહેમ અને ઈઝઝત પર ઉભેલી હ્યૂમન વેલ્યૂઝની કમી દેખાઈ રહીચ. **પોતાની હસ્તી, પૈસા, પોઝીશન અને માલી તાકતને સાચવવામાં આજે હમારો જવાન પોતાની દુનિયામાં અને પોતાના મોબાઇલમાં ખોવઇ ગયોચ.** એના આસપાસ ગૈર-ઝરૂરી કામોનો એક સખ્ત દાએરો, એક બંદિશ ઉભી થઈ ચુકીચ કે, જેના ચક્કરમાં એના કલાકોના કલાકો ઝાયેઅ થઈ રહ્યાચ.

વક્ત તો તેનો તે જ છે. એક દિનના ૨૪ કલાક જ છે. સૂરજ અને ચાઁદ પન એ જ છે. મગર હમના, થોડા વક્તમાં વધારે કામ કરવાની લ્હાઈમાં, કમિટમેન્ટ્સ અને ટાઈમ-લિમિટ થઈ જાવાસી ઈમ લાગેચ કે ટાઈમ જલ્દી જઈ રહ્યોચ. કલાકો-દિવસો-સાલો જાને કે ઉડી રહ્યાચ. હમેં કહીએચ કે હમના તો મોહર્રમ ગયાચ અને પાછા આવી પન ગયા. હમના તો ઈદ ગઈચ અને પાછી આવી ગઈ. હમેં વિચારીએ તો હમારો સબર ખુટી ગયોચ, કામની ઉતાવલમાં અને જલ્દી પૈસા કમાવવાની રેસમાં હમેં બહુ બધું પાછલ છોડી દીદુંચ યા ભુલાઈ ચુકુચ.

તેમાંસી એ પન છે કે, હમેં હમારા ઘરોમાં હમારા વડીલો, મોટાઓ, બુઝુર્ગોને તો રાખીએ છે, પન એમને ઈઝઝતો એહતેરામ આપવામાં, એમનું માનપાન સાચવવામાં, અહમ ફેસલાઓમાં એમનો મશ્વરો ચાહવામાં, એમની ખબરગીરી રાખવામાં હમેં કમી કરીએચ. હમારી નીજી ઝિંદગીમાં, બૈરો-બચ્ચાંમાં, કામ-ધંધામાં, બીમારી-સીમારીમાં હમેં ઈટલા મસરૂફ થઈ જઈએચ કે, ઘરમાં હાઝિર હમારા બુઝુર્ગો-માઁ-બાવાજીના તકાઝા, ઉમ્મીદો, હાજિતો તરફ ઘનું ઓછું હમારૂં ધ્યાન જાઇચ.

મગર હમને યાદ રાખવું જોઈએ કે, ઘરમાં નૂર અને બરકત બુઝુર્ગોસી જ છે. તો ઝરૂરી નથી કે, હમેં એ જોઈએ કે, તેઓ હમને કિટલા કામ આવેચ, પણ એ માનવું ઝરૂરી છે કે, **તેઓનું ઘરમાં હોવું જ હમારા વાસ્તે એક આઅલા નેઅમત છે, તજરૂબાની એક મ્હોટી કિતાબ છે, અંધારામાં હમેશા જલનાર એક તાકતવર દીવો છે.**
(બકીયહ પેજ નં. ૧૪ પર)

**આ શાહ, સરદાર, સુલ્તાન અને સૈયેદ, એ ઈમાનના બાદશાહ છે.**

(પેજ નં. ૧૩ નું બાકી)

હમારા વાસ્તે એક ઈવો ટેકો, સપોર્ટ, પીઠબલ છે કે, જે વક્ત હમારી ઝિંદગીની ઈમારત ડામાડોલ થાય, તો હમારા બુઝુર્ગો જ હમારી મદદ પર આવીને હમને સંભાલનાર હોઇચ.

આ જ તરહ હમારા ઘરના નાના માઅસૂમ બચ્ચાં છે. વક્તની કટોકટી અને કામના બોઝના સબબ જેમ હમારા ઘરોમાં હમારા બુઝુર્ગો બેકદરી નો શિકાર બનેલાચ, તે જ મુજબ હમારા બચ્ચાં શફકત અને પ્યારની કમીનો શિકાર બની રહ્યાચ. પોતાના મોબાઈલ પરના કામોના લીદે હમેં હમારા નાના ફૂલ જિવા બચ્ચાઓના હાથમાં એક બીજો મોબાઈલ થમાવી દઈએચ કે, એ હમને સતાવે ના, હૈરાન ના કરે, વધારે બોલે ના, અને **એક જગા પર ચોટીને પોતાની આઁખને સ્ક્રીન પર ચિપકાવીને કલાકો સુદી બેસી રહેચ.**

બચ્ચાઓને માઁ-બાવાજીનો તવજ્જોહ, પ્યાર, દુલાર, શફકત, રહેમદિલીની નઝર, નઝદીકીનો એહસાસ, આગૌશની ગરમી, વાતોની મિઠાસ, એક સાથે રહીને કોઇ કામ કરવાના જોશની ઝરૂરત હોય છે. પૈસાસી ખરીદીને કોઇ ચીઝ આપવાને બરખિલાફ જો હમેં હમાર નૌનિહાલો ના સર પર હમારી શફકતનો એક હાથ ફિરાવી દઈએ, તો તે પછી તેના સામે દુનિયાવી દૌલતની કોઇ જ કીમત રહેતી નથી. હમેં ૨૪ કલાકમાં હમારા બચ્ચાં સાથે ૧૫ થી ૩૦ મીનિટ ગુઝારવાની આદત રાખીએ તો **તે બચ્ચાંમાં ઘની જ હિમ્મત અને એતેમાદ ભરી દેસે.** બચ્ચાંની ગૈર-ઝરૂરી માંગનીઓ, ઝિદ્દીપનું, ચિડચિડાહટ, ચિડીયલપનું વગૈરહ ખુદ-બ-ખુદ દૂર થઈ જાસે.

હમને યાદ રાખવું જોઇએ કે, હમારા નબી રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) જે વક્ત મદીનામાં હતા, તે વક્ત આપના પ્યારા નવાસા મૌ.ઈમામ હસન અને મૌ.ઈમામ હુસૈનને કઇ તરહ શફકત-પ્યાર કરતા હતા. રમતા-રમતા આવે અને આપ નમાઝ પઢતા હોય અને આપના ઉપર ચઢી જાય, તો આપ નમાઝને લંબી કરી દેતા હતા. નબી હોવાને બાવુજૂદ આપ બેવે શાહઝાદાઓ સાથે લહેવો લઅબ-રમત કરતા હતા અને સાથે-સાથે તરબીયત-બહેતર અખ્લાક પન શિખાવતા હતા. આ જ તરહ મૌ.ઈમામ હુસૈન (અ.સ.) આપના ફરઝંદો અને દુખ્તરોને શફકત કરતા હતા જે હમને વાકયએ કરબલાની બયાનીથી માઅલૂમ થઈ જાઇચ.

હાલની રહેની-કરનીનો એક બીજો સાઈડ-ઈફેક્ટ એ છે કે, હમેં એકલા-તન્હા રહેવાનું પસંદ કરીએચ. સંયુક્ત કુટુંબ-જોઈન્ટ ફેમિલીસી અલગ થઈને હમેં અલગ હમારા જ મકાનમાં રહેવાનું પસંદ કરીએચ. હમારા મુઆમેલાતમાં કોઈની દખલઅંદાઝી હમેં બરદાશ્ત કરી સકતા નથી. **જે કઇ છે તે હમેં જ છે અને હમારા ઘરમાં હમેં જે વસાવેલુંચ તે હમારૂં જ છે.** કોઈની મદદની હમને ઝરૂરત નથી. આ તરહની હમારી સોચ હમને અંદરસી ખાઈ જાસે. હમારી સેહત, તંદુરસ્તી અને સમાજી શનાખ્તને ખોખલી કરી દેસે. ખુદને આસપાસ ગુંઠેલી હમારી ખુદની દુનિયાસી હમેં હમારામાં બરગયરતી, બેહયાઇ અને હુંપનાને જનમ આપી દઈસું. ખુદ-મતલબીના આ તબાહકુન તૂફાનમાં હમેં બીજા પર શફકત-નવાઝી અને રહેમદિલીની ઠંડી હવાના લ્હાવાને ખોઇ બેસીસું.

**"ખુદ હી સે કરતે હો તુમ પ્યાર ઇતના,**
**કે ખુદ કો એક દિન પાઓગે લાચાર ઇતના."** ☆

---

**કોઈની ખામી જાણીને તેનાથી અંજાન બનવું, ઘણું મોટું કામ છે.**

---

**જે શખ્સ જૂઠાની વાતને માનશે, એ શરમિંદગીની આફતમાં ગિરફતાર થાશે.**

**આ રૂહાની-કુદસાની શહેનશાહ એ મૌ.ઈમામ હુસૈન (અ.સ.) છે.**

## ગરીબુદ્દિયાર

ઝમીં કો કરબો બલા કા વકાર મિલતા નહીં,
હુસૈન મિલતા હે પર બાર-બાર મિલતા નહીં.
લહૂ કી મહેંદી તો સહેરે કે ફૂલ ભી પ્યાસે,
કિસી દુલ્હન કો કભી યે શિંગાર મિલતા નહીં.
અબૂ તુરાબ કે બેટે કી યે હે કુરબાની,
શહીદ હોતે હૈં લેકિન મઝાર મિલતા નહીં.
કસમ ખુદા કી નહીં મિલતા જિસકો મેરા હુસૈન,
ઉસે ઝમાને મેં પરવરદિગાર મિલતા નહીં.
કિસી ભી ફૌજ કો સાલાર અબ કહાઁ સે મિલે,
હરએક નદી કો યહાઁ આબશાર મિલતા નહીં.
ઉડ-ઉડકે ધૂલને ઝૈનબ કા રખ લિયા પડદા,
જબ ઐસા વક્ત પડે તો ગુબાર મિલતા નહીં.
જો પૂછા ઢુંઢતે ક્યા હો હુસૈન તો બોલે,
હમારે દિલ કા પતા અય સવાર મિલતા નહીં.
સભી શહીદોને અપની બલંદીયાઁ ચાહી,
કિસી કો મૌત પે યૂઁ ઇખ્તિયાર મિલતા નહીં.
હરએક કૌમને ચાહા હુસૈન મિલ જાએ,
કિસી કો અપના ગરીબુદ્દિયાર મિલતા નહીં.
હબીબ ઇબ્ને મઝાહિર ન જાઓ શેહ બોલે,
બુઢાપે મેં યૂઁ લડકપન કા યાર મિલતા નહીં.
અય મૌત આને સે પહેલે લહદ કા લે લે પતા,
હરએક કો કરબો બલા મેં મઝાર મિલતા નહીં.
યે ઝિદ્દ હે ખાકે શિફા મેં મરેંગે અય શમશીર,
ભલે હી અપને મુકદ્દર કા તાર મિલતા નહીં. ✮

**અલ્લાહતઆલા તરફથી તકદીર અને મુમિન તરફથી તદબીર મિલે, તો સખ્તમાં સખ્ત કામને અંજામ પર પહોંચાડી શકાય છે.**

## ઝૈનબ કા ખુત્બા હે

અય રૈગિસ્તાન બતલા દે યે કિસ પ્યારે કા સદકા હે,
કે બૈતુલ્લાહ અકદસ કા નસીબા ફિર સે ચમકા હે.
ઝરા ફિરઔન ઔર નિમ્રૂદ કો ભી યે ખબર કર દો,
ગઝબ હે મૈઝબાઁ કે હુકમ સે મહેમાન પ્યાસા હે.
કેયામત તક હે કબ્ઝા નહેર પે પ્યાસે શહીદોં કા,
ગવાહી કે લીયે અબ્બાસ ગાઝી તેરા રૌઝા હે.
અગર ઝૈનબ ન હોતી કરબલા કે બાદ ક્યા હોતા,
રસૂલુલ્લાહ કા ઈસ્લામ તો ઝૈનબ કા ખુત્બા હે.
અગર ઈસ્લામ કી ઈઝ્ઝત કી કીમત હે બહત્તર સર,
હુસૈન ઈબ્ને અલી કે વાસ્તે યે સૌદા સસ્તા હે.
જો કૂદે ઝુલ્મ કે તૂફાનોં મેં ભી યા અલી કેહ કર,
વો હી ઈમાનવાલા હે, વો હી કુરઆન વાલા હે.
નઝર આતી હે અબ ખુશહાલી જો ઈસ્લામ કી દુનિયા,
યહીં તો રૌઝે આશૂરા કી મહેનત કા નતીજા હે.
સિતમ કી હદ્દ સે આગે બઢ ન જા, અય હુરમલા રૂકજા,
નહીં કુરઆન શેહ કે હાથોં મેં તનહા સા બચ્ચા હે.
ઝઈફી ને યે પૂછા નેઝે સે ઈતના તો બતલા દે,
છિદા હે જો વો અકબર કા હે યા મેરા કલેજા હે.
પઢા ખત્ત ઔર કહા બિલકુલ નહીં હે વક્ત, અય સુગરા !
જવાબે ખત્ત મૈં ખુદ કાસિદ કહેગા જો જો દેખા હે.
મદીને સે યે કહેના મૈં હું શરમિંદા વતનવાલોં,
હમેશા કે લીયે ઈસ નૈનવા મેં હી બસેરા હે.
બતાએ ઝખ્મ જબ ઔનો મોહંમદને તો માઁ બોલી,
ઈસી ખૂઁ કે લીયે ઝૈનબ ને અપના દૂધ બખ્શા હે.
તેરા શમ્શીર ભી ખાકે શિફા મેં ખાક હો જાએ,
બસ અબ તો કરબલા મેં જા કે મરને કા ઈરાદા હે. ✮

**ફરમાને દાઈયુઝઝમાન (ત.ઉ.શ.) મુજબ અમલ ના કરવાથી ગુનાહનો ખૌફ રહે છે.**

**કોઈના ઐબ જાણીને છુપાવવા એ ઘણું મોટું કામ છે.**

## દોસ્તી

સાલોંથી હમેં સાંભલતા આવા છે કે, એક સાચો દોસ્ત અને હમદર્દ ઝિંદગીની આફતોને રાહતોમાં તબ્દીલ કરી દે છે. એ દોસ્તની સોહબત હમને ગમે છે. એની ગુફતગૂમાં વઝન હોય છે. કોઇ પણ વાઅદો પૂરો કરવાની એની તાકત હોય છે. કોઇ પણ હાલાતને પહોંચી વલવાની એની હિમ્મત હોય છે. દોસ્તીમાં કદમ-દર-કદમ સાથે મિલીને ચાલવામાં એની ખુશી હોય છે.

પણ હમણાંનો માહૌલ એવો થઇ ગયો છે કે, **સોશીયલ મીડીયા અને વર્ચ્યૂઅલ ફ્રેન્ડશીપના** સબબ દોસ્તીની પૂરી માઅના, તકાઝા અને લિબાસ જ બદલાઇ ગયા છે. રૂબરૂ દોસ્તી હવે સ્ક્રીન દોસ્તીમાં તબ્દીલ થઇ ગઇ છે. ગૈર-ઝરૂરી કામો અને ઝિયાદહ દૌલત કમાવવાની ફિરાકીમાં લોગો પાસે ટાઇમ નથી કે, **રૂબરૂ જઇને કોઇને મિલે.** જો રૂબરૂ કોઇને મિલવાનું જ ના થાય તો અસલી દોસ્તી પછી કઇ તરહ વુજૂદમાં આવે યા નિભે ! બેંન્કીંગ, શોપીંગ, ડાઇનીંગ તમામ હવે ઘરથી નિકલા બગૈર થાય છે. ઘરમાં બેસી રહેવાના સબબ લોગોમાં ઝહેની તનાવ કુદકે ને ભુસકે વધી રહ્યો છે.

યાદ રહે કે, દોસ્ત તે જ વક્ત દોસ્ત કહેવાય કે.....

(૧) એનો ભાઇ જે વક્ત **મુસીબતમાં** ગિરફતાર હોય તો ફૌરન આવીને ઊભો થઇ જાય. હર ચંદ કોશિશ કરે કે, એના મુસીબતઝદા ભાઇને રાહત મિલે. પોતાના ગરઝ-મતલબને એક જાનિબ મુકીને ભાઇએ એના ઉપર રાખેલા ભરોસાને ઇખ્તિયાર કરે.

(૨) ભાઇની **ગૈરહાઝિરીમાં** એની હર ચીઝને સંભાલે, સાચવે અને અમીન બનીને રહે. કોઇ તરહની ખિયાનત ના કરે. જેમ પોતાના માલની એ હિફાઝત કરતો હોય એમ જ એના ભાઇના માલો નકદની હિફાઝત કરે.

(૩) જે વક્ત કોઇની **કઝા-રઝા** થાય, વફાત થાય તો ભાઇના ઘરે જઇને ખૈરો આફીયત પૂછે. ઘરના હાલાતથી વાકિફ થાય. એને સબર બંધાવે, દિલાસો આપે અને હિમ્મત વધારે. વફાત થાનારની ફિરાકીમાં એને સાથ આપે અને મૈયેત-કફન-દફન-ફાતેહાના ઊમૂરમાં યારી દે.

તો, હમેં મુખ્તસરમાં કહીએ તો સાચો દોસ્ત એ જ છે કે, મુસીબતમાં, ગૈરહાઝિરીમાં અને મૈયેતમાં સાથે ઊભો રહે, વફાદારી કરે, જે ફક્ત રૂબરૂમાં જ થઇ શકે છે. સ્ક્રીનના દોસ્તોની દોસ્તી અકસર કરીને વાતો તક જ મહેદૂદ રહી જાય છે. ✯

**નોંધ :** મુમેનીનના ઘરોમાં અસ-સહીફતુલ અલવીયહ, અસ્હાબુલ યમીન, કિતાબુલ વસાયા, અલવી અકીદાઓની કિતાબ અને **A Neo-Fatemid Treasury of Books (Olly Akkerman)** કિતાબો હોવી ખૂબ ઝરૂરી છે કે જેની તફતીશ મીસાક યા નિકાહની અરઝ પહેલા કરવામાં આવશે. ✯

**અકીદા, અમલ, દોઆ, ફાઝિલ દિન-રાત, રસમ વગૈરા વાસ્તે મુમેનીન " અસ-સહીફતુત તૈયેબીયાહ " ને દેવડી પરથી હાસિલ કરીને ગૌરથી પઢે.**

**સાલાના લવાઝેમાત (Yearly Subscription)**
**₹ ૧૦૦/-**
શહરૂલ્લાહમાં વાજેબાતની અદાયેગી વક્તે આપવું.
મેનેજર :- **શૈખ ઇબ્રાહીમ ટી. બરોડાવાલા**
નાઝ બોક્ષવાલાના ઘરને બાજુમાં, બદરી મોહલ્લા,
વાડી, વડોદરા - ૩૯૦ ૦૧૭. ફોન : ૯૯૦૪૨૨૧૦૯૦.



Private Circulation For **Isma'ili - Taiyebi - Alavi Bohra Mumineen** Only.